# અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ભાજપમાં





## પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ અલ્પેશને કેસરિયો ખેસ પહેરાવ્યો : ભાજપના કારોબારી રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડાની ગુજરાત મુલાકાતના એક દિવસ પહેલા અલ્પેશ ભાજપમાં : ભારત માતાની જય, વંદે માતરમના નારા લગાવ્યા

ગાંધીનગર, તા.૧૮ કોંગ્રેસથી નારાજ ચાલી રહેલા ગુજરાતના ઓબીસી નેતા અને પૂર્વ ધારાસભ્ય અલ્પેશ ઠાકોર ભારત માતાની જય, વંદે માતરમના નારા લગાવીને ભાજપમાં સામેલ થઈ ગયા છે. સેંકડો સમર્થકોની સાથે ભાજપ કાર્યાલય કમલમ ખાતે પહોંચ્યા હતા. અલ્પેશ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થતાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. ભાજપના કારોબારી રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાની ગુજરાત યાત્રાથી એક દિવસ પહેલા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર અને પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા ગુરુવારના દિવસે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પહોંચ્યા હતા અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા. છેલ્લા ૧૫ દિવસથી કોંગ્રેસ છોડ્યા બાદ પક્ષ વિના લટકી પડેલા અલ્પેશ ઠાકોર આજે તેમના સાથી ધવલસિંહ ઝાલા સાથે આખરે ભાજપમાં જોડાઈ ગયા હતા. ગાંધીનગર સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાને ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ કેસરિયો ખેસ પહેરાવી પક્ષમાં પ્રવેશ આપ્યો હતો અને તેમનું પક્ષમાં સ્વાગત કર્યું હતું. અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાની સાથે તેમના સમર્થકો અને કાર્યકરો પણ ભાજપમાં જોડાયા હતા. ઓક્ટોબર ૨૦૧૭માં જ્યારે કોંગ્રેસમાં જોડાયા ત્યારે તેને કોંગ્રેસના તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ ખેસ પહેરાવી પક્ષમાં પ્રવેશ આપ્યો હતો. જ્યારે ભાજપમાં તેને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ ખેસ પહેરાવી પ્રવેશ આપ્યો હતો. આ સમયે મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તો દૂરની વાત છે રૂપાણી સરકારના એકેય મંત્રી પણ હાજર રહ્યા નથી તે બહુ સૂચક અને નોંધનીય બાબત રહી હતી. જો કે, ભાજપ અલ્પેશ ઠાકોરનું મંત્રી બનવાનું સપનુ પુરું કરશે કે કેમ તેને લઈને પણ ગંભીર પ્રશ્નાર્થ છે. હાલ તો અલ્પેશ બચાવની મુદ્રામાં જોવા મળ્યો હતો કે, પક્ષ તેને જે કામગીરી સોંપશે, તે નિષ્ઠાથી બજાવશે. જ્યારે અગાઉ કોંગ્રેસમાં તેમને બિહારના સહ પ્રભારીની જવાબદારી આપીને ઓબીસી નેતા તરીકે કદ વધારવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, તા.૫ જુલાઈના રોજ યોજાયેલી રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કર્યા બાદ થોડીવારમાં જ અલ્પેશ ઠાકોર અને ધવલસિંહે ધારાસભ્યપદેથી રાજીનામુ આપી દીધું હતું. અલ્પેશ ઠાકોર છેલ્લા કેટલાક દિવસથી કોંગ્રેસ પાર્ટીથી નારાજચાલી રહ્યા હતા. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીનો સંપૂર્ણપણે સફાયો થયો હતો. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીને રાજ્યમાં એક પણ સીટ મળી ન હતી. ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૨૬ પૈકી એક પણ મળી ન હતી અને આ વખતે ૨૦૧૯માં પણ કોંગ્રેસને એક પણ સીટ મળી નથી. અલ્પેશ ઠાકોર પોતાના સમુદાયના લોકપ્રિય નેતા તરીકે રહ્યા છે. નશાબંધી આંદોલન ચલાવીને ચર્ચામાં આવેલા અલ્પેશ ઠાકોરને પાટીદાર અનામત આંદોલન દરમિયાન ઓબીસી એકતા મંચની રચના કરી પાટીદારોને ઓબીસી વર્ગમાં સામેલ કરવાનો વિરોધ કર્યો હતો. ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણી પહેલા અલ્પેશ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થયા હતા તથા ઉત્તર ગુજરાતની રાધનપુર સીટ પરથી ચૂંટણી લડી હતી અને અહીંથી જીતી ગયા હતા. કોંગ્રેસના જિલ્લા અને તાલુકા હોદ્દેદારોની નિમણૂંકને લઈને વિવાદ થતાં અલ્પેશ કોંગ્રેસથી અલગ થયા હતા. રાજ્યસભા ચૂંટણીમાં મતદાન બાદ ધવલે વિધાનસભાની મેમ્બરશીપ છોડી દીધી હતી. ભાજપના ચાર ધારાસભ્યો લોકસભા સભ્ય બન્યા બાદ હવે ગુજરાત વિધાનસભાની છ સીટ ખાલી થઈ છે જેના ઉપર ટૂંક સમયમાં જ ચૂંટણી યોજાનાર છે. અલ્પેશને રાધનપુર થતાં ધવલને બાયડમાંથી ભાજપના ઉમેદવાર બનાવવામાંઆવી શકે છે. અલ્પેશની છાપ સામાજિક કાર્યકર તરીકે છે. ગુજરાતમાં આશરે ૫૦ ટકા મતદારો પછાત વર્ગમાંથી આવે છે. આવી સ્થિતિમાં આ વર્ગના નેતા કોઈપણ દળ માટે ખુબ મહત્વપૂર્ણ છે.

# મગફળીના પાકમાં સુકારાનો રોગ દેખાતા ખેડૂતો ચિંતામાં ગરકાવ

### હજુ વરસાદ આવવાની શક્યતા ઓછી હોવાનુ અનુમાન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા વાવેતર વિસ્તારમાં રોગચાળાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. જિલ્લામાં મગફળીના પાકનું વિક્રમી વાવેતર થયા પછી ઘણા બધા ગ્રામ્ય વિસ્તારમાં સુકારો અને ફૂંગલ જોવા મળી રહી છે.

જિલ્લામાં ખરીફ ઋતુનુ વાવેતર ૬૩ હજાર હેક્ટરને પાર કરી ગયુ છે. જેમાં મગફળીનું વાવેતર ૬ હજાર હેક્ટર થયુ છે. હાલ જે રીતે ગરમી પડી રહી છે અને વરસાદ ખેંચાયો છે તેને લઈ કેટલાક વિસ્તારમાં સુકારા અને ફૂંગલનો ઉપદ્રવ જોવા મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

ઉભી થયેલી પરિસ્થિતિમાં ખેડૂતોને સાચુ માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લાનું ખેતીવાડી તંત્ર પણ હરકતમાં આવ્યુ છે અને આવુ કંઈક દેખાય તો કેવા પગલાં લેવા તેની વિગતે સમજણ ખેડૂતોને આપવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન કૃષિ યુનિ. દાંતીવાડા દ્વારા ખેડૂતો માટે જે હવામાન પૂર્વાનુમાન અને માર્ગદર્શન આપતા બુલેટીન નં. ૨૬માં જણાવાયા મુજબ આગામી પાંચ દિવસ આકાશ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની સંભાવના નથી.

આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે મહત્તમ તાપમાન ૩૮-૩૯ ડીગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૩ થી ૭૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની ગતી ૧૧ થી ૧૫ કિ.મી. પ્રતિ કલાકની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

આ બુલેટીનમાં ખેડૂતોને માર્ગદર્શન આપતાં જણાવાયુ છે કે આગોતરૂ વાવેતર કરેલ કપાસ, મગફળીમાં ભેજ જાળવવા સારૂ નિંદામણ અને આંતરખેડ કરવી. ચોમાસુ પાકની વાવણીની કામગીરી પુરતા ભેજે કરવી. બીજી તરફ જે રીતે વાદળોની સ્થિતિ છે તે જોતાં ૨૧-૨૨ જુલાઈના રોજ હળવો વરસાદ થઈ શકે તેવી આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# ગાંધીનગર નજીક બનનાર બે આઈ.ટી. સેઝ ડી-નોટીફાય કરવાની કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરની આસપાસ બનનાર બે આઈ.ટી. સેઝને ડી.નોટીફાય કરવાની કાર્યવાહી ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવી છે અને આ પ્રક્રિયા હાલ પ્રગતિ હેઠળ હોવાનું સરકારે વિધાનસભા ગૃહમાં સ્વીકાર્યુ છે.

ગુજરાત ડેવલપમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન દ્વારા ૨૨ હેક્ટરથી વધુ જમીનમાં ઈન્ફોસીટી નજીક આઈ.ટી. સેઝ બનાવવામાં આવનાર હતો પરંતુ કોઈ કાર્યવાહી ના થતાં ભારત સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા આ સેઝને ડી. નોટીફાય કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

આજ પ્રમાણે સરગાસણ નજીક ૩૭.૫૬ હેક્ટરમાં શિવગંગા રિયલ એસ્ટેટ હોલ્ડર્સ પ્રા.લિ. દ્વારા આઈ.ટી. સેઝ સ્થાપવામાં આવનાર હતો પરંતુ તેના આ પ્રોજેક્ટને પણ ડી. નોટીફાય કરવાની પ્રક્રિયા હાલ ચાલુ છે.

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે ગાંધીનગર શહેરની આસપાસ બનનારા આઈ.ટી. સેઝને લઈ સાત જેટલા પ્રશ્નો જુદા જુદા સભ્યો દ્વારા આ મુદ્દાઓને ઉપસ્થિત કરવામાં આવ્યા હતા.

સભ્યોના લેખિત પ્રશ્નમાં સરકારે આ વિગતો આપી છે. કોબા નજીક એક્વાલાઈન પ્રોપર્ટીઝ પ્રા.લિ. (રાહેજા ગૃપ) ૨૭.૮૪ હેક્ટરમાં આઈ.ટી. પાર્ક હાલ કાર્યરત છે. આ ઉપરાંત ટાટા કન્સલટન્સી સર્વિસીઝને ઈન્ફોસીટી નજીક ૧૦.૩૧૭ હેક્ટરમાં આઈ.ટી. પાર્ક માટે જગ્યા ફળવાઈ હતી જે સેઝ હાલ કાર્યરત હોવાનું સરકારે જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સાત જેટલા આઈ.ટી. સેઝને સરકારે અગાઉ મંજૂરી આપી હતી. આજે ચાર સેઝ અંગે પુછાયેલા પ્રશ્નોના ઉત્તરમાં સરકારે બે સેઝને ડી નોટીફાય કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જણાવ્યુ છે. આ આઈ.ટી. સેઝ થકી રોજગારી નિર્માણની સાથે સાથે પાટનગરની ઓળખ બદલવાનો પ્રયાસ થયો હતો જો કે સરકારને તેમાં નિષ્ફળતા મળી છે.

# કોંગ્રેસ પાર્ટી માત્ર સ્વાર્થની રાજનીતિ કરે છે : અલ્પેશ

ગાંધીનગર, તા.૧૮

ભારતીય જનતા પાર્ટીમાં વિધિવતરીતે સામેલ થયા બાદ અલ્પેશ ઠાકોરે કોંગ્રેસ પાર્ટી ઉપર



આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, તમામ અટકળોનો હવે અંત આવી ગયો છે. કોંગ્રેસ છોડવા માટે અનેક કારણો રહ્યા છે જેનાથી તમામ લોકો વાકેફ પણ છે. કોંગ્રેસ પાર્ટી ગરીબ અને આદિવાસીની સેવા કરવાની પોતાની વિચારધારાથી ભટકી ચુકી છે. માત્ર સ્વાર્થની રાજનીતિ રમી રહી છે. અલ્પેશે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ગરીબ અને સામાન્ય વર્ગના લોકોની સેવા કરવા માટે સત્તામા હોવાની બાબત ખુબ જરૂરી છે. કોંગ્રેસમાં રહીને પણ ગરીબ અને સામાન્ય લોકોના હિતની વાત કરી હતી પરંતુ ત્યાં સાંભળનાર કોઈ વ્યક્તિ નથી. અલ્પેશે કહ્યું હતું કે, દેશ અને પ્રદેશની જનતાએ જે નેતૃત્વ પર વિશ્વાસ કર્યો છે તેઓએ પણ તેની જ પસંદગી કરી છે. વિકાસની ભાવના સાથે ભારતીય જનતા પાર્ટી કામ કરી રહી છે. દેશને વિકાસની નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે કામો થઈ રહ્યા છે. કોંગ્રેસમાં ભવિષ્ય દેખાઈ રહ્યું નથી. રાષ્ટ્રીય અધ્યક્ષ જેવા પદ પર પણ કોઈની નિમણૂંક થઈ નથી. ભાજપમાં ઉમળકાભર્યા આવકારને લઈ અલ્પેશ ઠાકોરે મુખ્યમંત્રી વિજય રૂપાણી, જીતુ વાઘાણી અને ભાજપનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, સમગ્ર દેશના લોકો જેના નેતૃત્વ પર ભરોસો કરે છે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિતભાઈથી તમે વાકેફ છો. કયા કારણસર આ પરિસ્થિતિનું નિર્માણ થયું તેના અનેક સવાલો છે. આ પરિસ્થિતિ અંગે મારે વધારે કંઈ કહેવુ નથી. કોંગ્રેસમાં લોકહિત માટે રાજનીતિ થતી નથી. ભાજપમાં સામાન્ય લોકોનું પણ સાંભળવામાં આવે છે. કોંગ્રેસમાં સ્વાર્થની રાજનીતિ થાય છે.

# લઘુમતી સમાજ માટે વિશેષ આર્થિક પેકેજ આપવા એમસીસીના સંમેલનમાં માંગ

"ગુજરાતમાં લઘુમતી સમુદાય ડર સાથે જીવી રહ્યો છે, હવે તો ભેંસ લઈને જતા પણ તથાકથિત ગૌરક્ષકો જાનલેવા હુમલા કરે છે અને ઉઘરાણી કરે છે. આ સરકાર બેટી બચાવો અને બેટી પઢાઓનો જુઠ્ઠો નારો લગાવે છે પરંતુ રાજ્યમાં મુસ્લિમ સમુદાયની છોકરીઓને ૧ થી ૫ ધોરણમાં ડ્રોપઆઉટ રેશિયો ૧૦.૫૮ ટકા થઈ ગયો હોવા છતાં સરકાર નક્કર પગલાં લેતી નથી લઘુમતીઓની ફરિયાદ સાંભળવા આયોગ પણ નથી જે બેદભાવનુ સ્પષ્ટ ઉદાહરણ છે." આ પ્રકારના આક્ષેપો આજે સેક્ટર-૧૨માં ડૉ. આંબેડકર ભવન ખાતે યોજાયેલા માઈનોરીટી કો-ઓર્ડિનેશન કમિટીના રાજ્યસ્તરીય સંમેલનમાં ઉઠાવવામાં આવ્યાં હતા.

માઈનોરીટી કોઓર્ડિનેશન કમિટી એમસીસીના કન્વીનર મુજાહિદ નફીસે આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજ્યમાં ઘણા સમયથી લઘુમતી સમુદાયના વિકાસ અને રક્ષણ માટે લઘુમતી કલ્યાણ મંત્રાલય, લઘુમતી આયોગ કે બજેટમાં નક્કર જોગવાઈ લઘુમતી વિસ્તારોમાં ધો. ૧૨ સુધીની શાળાઓ જેવી બાબતોની અવગણના થઈ રહી છે. સરકાર રાજ્યની ૧૧.૫ ટકા લઘુમતીને અન્યાય કરી રહી હોવાના આરોપ સાથે એમસીસી દ્વારા ૧૦ માંગો સરકાર સમક્ષ મુકવામાં આવી હતી જેમાં લઘુમતી કલ્યાણ મંત્રાલયની રચના, બજેટમાં લઘુમતીના વિકાસ માટે નક્કર રકમ, લઘુમતી આયોગની રચના, સરકારી શાળાઓની સ્થાપના, મદ્રેસાના શિક્ષણને બોર્ડની સમકક્ષ માન્યતા આપવી, લઘુમતી સમાજના ઉત્થાન માટે વિશેષ આર્થિક પેકેજ આપવા સાથે પ્રધાનમંત્રીના નવા ૧૫ મુદ્દાના કાર્યક્રમનો સંપૂર્ણ અમલ કરાવવા જેવી માંગોનો સમાવેશ થાય છે.

# રાજ્યમાં ૩૦૦ કોલેજો અને ૫૬૦૦ શાળાઓમાં ગ્રંથપાલની સત્વરે નિમણૂંકો કરવા માંગ

### છેલ્લા ૨૨ વર્ષથી નિમણૂંક કરાઈ ના હોવાનો ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન પરિષદનો આરોપ : હંગામી ગ્રંથપાલથી કામ ચલાવવાને કારણે સંશોધન કાર્ય પર અસર પડે છે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્યમાં ૩૦૦થી વધુ કોલેજો અને ૫૬૦૦ જેટલી શાળાઓમાં છેલ્લાં ૨૨ વર્ષથી ગ્રંથપાલની જગ્યાઓ ખાલી હોવાના આક્ષેપ સાથે ગ્રંથપાલ અને માહિતી વિજ્ઞાન પરિષદ દ્વારા સત્વરે આ જગ્યાઓ યુજીસી તેમજ એઆઈસીટીઈના ધારાધોરણ મુજબ ભરવા માટે માંગ કરવામાં આવી છે. તાજેતરમાં પરિષદના અધ્યક્ષ ડૉ. મહેશ સોલંકી તથા અન્ય પ્રતિનિધિઓએ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, શિક્ષણ સચિવ તેમજ નાણાંમંત્રીને રૂબરૂ મળી આવેદન પત્ર આપ્યું હતું.

૫૫ યુનિવર્સિટીઓમાંથી માત્ર એકમાં જ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન મુજબ એક જ ગ્રંથપાલ હોવાની વાત ઉજાગર કરતા પરિષદની અખબારી યાદીમાં જણાવાયુ છે કે બાકીની ૫૪ યુનિવર્સિટીઓમાં હંગામી ધોરણે ગ્રંથપાલો રાખીને ગ્રંથાલયો ચલાવાઈ રહ્યાં છે. જે યુનિવર્સિટીઓમાં સંશોધનકાર્ય થતું હોય ત્યાં પુસ્તકો, સંદર્ભગ્રંથો, જનરલો પિરીયોડીકલ્સ, સામયિકોની એટલી બધી જરૂરિયાતો હોય ત્યાં ગ્રંથપાલ ન હોય તો એ યુનિવર્સિટીની હાલત કેવી દયનીય હોય ? આ બાબત સરકાર છેલ્લાં આઠ વર્ષથી વિચારતી નથી. અખબારી યાદીમાં જણાવ્યું છે કે નેશનલ ઈન્સ્ટિટ્યુટ રેન્કીંગ ફ્રેમવર્ક એચઆરડી મંત્રી દ્વારા લેટેસ્ટ સર્વે કરવામાં આવ્યો છે જેમાં ૧ થી ૫૦ કોલેજ કે યુનિવર્સિટીમાં ગુજરાતની એક પણ કોલેજ કે સંસ્થાનું નામ નથી તેનું કારણ એનએએસી કમિટી આવે ત્યારે ગ્રંથાલય અને ગ્રંથપાલના એક પણ પોઈન્ટ મળતા નથી જેને કારણે સ્તર નીમ્ન કક્ષાનું થતુ જાય છે. જે ગંભીર બાબત છે. ગુજરાત ગ્રંથાલય વિજ્ઞાન પરિષદના પ્રમુખ ડૉ. મહેશ સોલંકી સાથે સભ્યો ભરત ચૌધરી, ડૉ. દુષ્યંત પરમાર, નરેન્દ્ર પરમાર, રાજુભાઈ પરમાર, મયુર પરમાર અને ડિમ્પલ ડામોર અને અશ્વિનભાઈ જોડાયા હતા.

"Book classification as per DDC format and book shelving in rack as per DDC, Data entry of books in SOUL software. (The caraloguing of data should be done in MARC 21, CCF, ISO 2709 format standard and multilingual records in UNICODE.) Bar-coding of documents and making spine lable (Class No. Book No and Accession No.), Pasting of Spine Label on at least one Places and Barcode label on at two places of a document. WEBOPAC & Client - Server Setting. Library Member Data eNtry in SOUL software, Book Binding,
ઉપરોક્ત કામગીરી કરવા બાબકતે રસ ધરાવનાર પાર્ટીએ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૫માં બંધ કવરમાં ભાવપત્રક સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર, ૩૮૨૦૧૬. ખાતે સવારે ૮ થી ૧૨ દરમિયાન મોકલી આપવાના રહેશે.
માહિતી/૬૮૧/૧૯-૨૦

મહેસુલ વિભાગ
ગુજરાત સરકાર
સચિવાલય, ગાંધીનગર
જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)
મોજે : શંખલપુર તા. બેચરાજી જિલ્લો : મહેસાણા
ક્રમાંક : અમ-૨૦૧૯-૪૨૬-મ-જમહ-૨૧૧૯-૪૭૯-ચ
આ સાથે અનુસુચિમાં દર્શાવવામાં આવેલ મોજે : શંખલપુર, તા. બેચરાજી, જી. મહેસાણાની જમીનનો જાહેર હેતુ માટે એટલે કે, કટોસણ રોડ - બેચરાજી - ચાણસ્મા - રણુંજ રેલવે લાઈન ગેજ પરિવર્તન પ્રોજેક્ટના કામે જરૂર પડવાનો સંભવ છે. એવું ગુજરાત સરકારને જણાય છે.
૧. તેથી (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે.)ની કલમ-૨ (૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકારો અન્વયે ગુજરાત સરકાર ઉક્ત જમીનનો ઉપરોક્ત પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.
૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની દરખાસ્ત રજૂ થયેલ છે ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૧૮૯-૪૧ તે મહેસાણા જિલ્લાની હદમાં આવેલ છે.
૩. હવે જ્યારે ઉક્ત પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૮૯-૪૧ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરમ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હીતમાં આવશ્યક જણાય છે.
૪. તેથી સદરહુ અધિનમયની કલમ-૧૦ (એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-૧૨ મો)ની કલમ-૩ થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હીતમાં કટોસણ રોડ - બેચરાજી - ચાણસ્મા - રણુંજ રેલવે લાઈન ગેજ પરિવર્તન પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ હે.આરે.ચો.મી. ૧-૮૯-૪૧ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.
અનુસુચિ
જિલ્લો : મહેસાણા તા. બેચરાજી ગામ : શંખલપુર

| બ્લોક નં./ સર્વે નં. | હે.આરે.ચો.મી. | જે જાહેર હેતુ માટે જરૂરી છે તે જાહેર હેતુ |
|---|---|---|
| ૭૫ | ૦-૨૧-૨૪ | કટોસણ રોડ - બેચરાજી- ચાણસ્મા-રણુંજ રેલવે લાઈન ગેજ પરિવર્તન પ્રોજેક્ટના કામે |
| ૭૪ | ૦-૦૧-૯૬ | |
| ૬૬ | ૦-૦૨-૦૬ | |
| ૭૭ | ૦-૧૧-૧૬ | |
| ૭૯ | ૦-૦૧-૯૬ | |
| ૮૦ | ૦-૧૪-૩૫ | |
| ૮૧ | ૦-૦૦-૦૯ | |
| ૮૪ | ૦-૦૨-૬૫ | |
| ૮૫ | ૦-૨૮-૦૨ | |
| ૮૬ | ૦-૦૩-૧૦ | |
| ૯૧ | ૦-૦૧-૧૫ | |
| ૯૨ | ૦-૩૪-૧૯ | |
| ૯૩ | ૦-૦૧-૯૩ | |
| ૯૭ | ૦-૩૪-૩૯ | |
| ૧૦૧ | ૦-૨૨૧૮ | |
| ૧૦૨ | ૦-૦૮-૫૮ | |
| ૧૦૩ | ૦-૦૦-૩૯ | |
| કુલ | ૧-૮૯-૪૧ | |

સહી/-
ખાસ જમીન સંપાદન અધિકારી
નં. ૧ મહેસાણા

સહી/-
(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ
ક્રમાંક : નામાનિ/મહે/૧૪૬/૧૯-૨૦

# જીવનધારા ફાઉન્ડેશન દ્વારા શહિદ પરિવારનું સન્માન કરાયું

ગાંધીનગરના સેક્ટર-૧૩માં ઓમકાર વિદ્યાલય ખાતે જીવનધારા ફાઉન્ડેશન દ્વારા વ્યસનમુક્તિ અભિયાન ચલાવતા સામાજિક કાર્યકર રવિન્દ્ર ચૌધરીના જન્મદિન પ્રસંગે શહિદ પરિવારના સન્માન તથા સેવાભાવી સામાજિક કાર્યકરોના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બનાસકાંઠાના શહિદ જવાન સ્વ. વિનોદ ચૌધરીના પરિવારજનોનું સન્માનપત્ર, શાલ તથા પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. શહિદ પરિવાર સન્માન કાર્યક્રમમાં સ્વ. વિનોદ ચૌધરીના પરિવારજનોના સન્માન સાથે પ્રતિકાત્મક વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર તથા નિવૃત માહિતી અધિકારી પ્રજ્ઞાબેન પટેલ, સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, યુવા ગુજરાતી અભિનેત્રી વિવેકા પટેલ, પીઆઈ અનિલ પરમાર, સંસ્થાના પ્રમુખ મહેશ જીરાવાલા, સામાજિક કાર્યકરો વિજયસિંહ માજીરાણા, ભરત આલસિકા, ભરત ગજ્જર, ભરતસિંહ બારડ, યોગેન્દ્રસિંહ ચાવડા, અવની ચૌધરી, વિવેકસિંહ ચૌહાણ, અમિતા વાઘેલા, શ્રેયાંસી શ્રોફ, રાજન ત્રિવેદી, અરૂણભાઈ પટેલ, યોગેશભાઈ દરજી, જય સાકરીયા, રોહિતદાન ગઢવી, દિનેશ ઠક્કર, જી.કે. પરમાર, વી.સી. પટેલ, બી.એસ. ઠાકોર વગેરેનું પણ શાલ ઓઢાડી પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમના અંતે રવિન્દ્ર ચૌધરીએ શાળા સંચાલકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.





## લાડોલ હરસિદ્ધિ માતાજીને ફરસાણનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો

રાજ્યના મહેસાણા જિલ્લાના લાડોલ ખાતે સુપ્રસિદ્ધ હરસિદ્ધિ માતાજીનું મંદિર આવેલુ છે. આજે પૂનમના દિવસે હરસિદ્ધિ માતાજીને વિવિધ ૭૦થી વધુ ફરસાણનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત માતાજીને રાજભોગ ધરાઈને ૫૧ દીવાની મહાઆરતી કરવામાં આવી હતી. માતાજીના મંદિર પરિસર ભક્તોથી ઉભરાતુ હતુ. પાંચ હજારથી વધુ ભક્તોએ મહાઆરતી અને પ્રસાદનો લાભ લીધો હતો. જ્યારે ગુરૂ પૂર્ણિમાના પાવન દિવસે મહંત અશ્વિનભાઈ જાનીના આશિર્વાદ લેવા અને રક્ષા પોટલી હાથે બંધાવવા ભક્તોની લાઈન લાગી હતી. જ્યારે આવતી પૂનમે માતાજીને ભવ્ય શાકોત્સવની ઉજવણી કરવામાં આવશે તેમ વિશ્વાસભાઈ જાની દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઈન્ડેક્ષ્ટ-સી (ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ)
બ્લોક નં.૭, પ્રથમ માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨ ૫૬૦૦૬
Email : exdire-indext-c@gujarat.gov.in,
Website : wwww.craftofgujarat.gov.in
જાહેર નિવિદા
કારીગર ઓળખકાર્ડ કલર પ્રિન્ટીંગ અને લેમીનેશનની કામગીરી બાબત હાથશાળ - હસ્તકલાના કારીગરોના ઓળખકાર્ડની કલર લેસર પ્રિન્ટીંગ તેમજ લેમીનેશનની કામગીરી સાથે સંકળાયેલ બીડર / પાર્ટીઓ પાસેથી ઓફર મંગાવવામાં આવે છે. આ માટેનું ટેન્ડર ફોર્મ ઈન્ડેક્ષ્ટ-સી, ગાંધીનગર ખાતેની કચેરીએથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી કામકાજના દિવસો દરમિયાન રૂ. ૧૦૦/- રોકડા (નોન રીફંડેબલ) ભરીને તા. ૯/૮/૧૯, સમય: ૧૭.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં ટેન્ડર કવર ઉપર 'કારીગર ઓળખકાર્ડ કલર લેસર પ્રિન્ટીંગ તેમજ લેમીનેશનની કામગીરીનું ટેન્ડર' તેમ સ્પષ્ટ અક્ષરોમાં લખી રૂબરૂ / આર.પી.એ.ડી. થી મોકલી આપવાના રહેશે.
(કાર્યવાહક નિયામક)
ઈન્ડેક્ષ્ટ-સી, ગાંધીનગર